For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ઊડતા પંજાબની જેમ ડૂબતા સુરત




વેસુ વીઆઈપી રોડ પર વિરોધ



સચિન ગરનાળું





ભગવાન મહાવીર કોલેજ

## બેઝમેન્ટના પાણીમાંથી નીકળેલી માછલીનું નામ ‘SMC’ રાખ્યું

### વેસુના ઓફિરા બિઝનેસ હબના વેપારીઓનો અનોખો વિરોધ

**સુરતઃ સુરતના વીઆઈપી રોડ પર ભગવાન મહાવીર કોલેજ નજીક આવેલા સૌથી મોંઘા અને પોશ કોમર્શિયલ કોમ્પ્લેક્સ ‘ઓફિરા બિઝનેસ હબ’માં છેલ્લા થોડા દિવસોથી પડી રહેલા ભારે વરસાદને કારણે બેઝમેન્ટમાં મોટા પ્રમાણમાં પાણી ભરાઈ ગયા હતા. આ આધુનિક બિઝનેસ હબનું બેઝમેન્ટ સંપૂર્ણપણે તળાવમાં ફેરવાઈ જતાં પાર્કિંગ તો ઠીક, પરંતુ વેપારીઓ અને ગ્રાહકો માટે અવરજવર કરવી પણ અત્યંત મુશ્કેલ બની ગઈ હતી. વારંવાર રજૂઆતો કરવા છતાં સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ પેટનું પાણી ન હલતાં આખરે વેપારીઓનો પિત્તો ગયો હતો. આ દરમિયાન બેઝમેન્ટના ગંદા પાણીમાં જીવતી માછલીઓ તરતી જોવા મળતાં વેપારીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા**



**હતા. તંત્રની ઢીલી નીતિથી કંટાળેલા એક જાગૃત દુકાનદારે વિરોધનો અનોખો કીમિયો અપનાવી પાણીમાંથી એક જીવતી માછલી પકડી લીધી હતી અને તેને પ્લાસ્ટિકની થેલીમાં ભરી બધાની હાજરીમાં તેનું વિધિવત નામકરણ કરીને માછલીનું નામ ‘SMC’ પાડી દીધું હતું. જેનો વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થયો છે.**

## શહેરમાં વધુ 7 વૃક્ષ ધરાશાયી, ઘોડદોડ રોડ પર કાર દબાઇ

સુરત : શહેરમાં સતત મેઘમહેર વચ્ચે વિવિધ વિસ્તારોમાં 7 થી વધુ વૃક્ષો ધરાશાયી થયા હતા. ફાયર બિગેડ પાસેથી મળેલી વિગત મુજબ સુરત શહેરમાં શનિવારે રાત્રિ દરમિયાન ધમાકેદાર વરસાદ પડ્યો હતો અને રવિવારે દિવસ દરમિયાન વરસાદના ઝાપટા પડ્યા હતા.જેને લીધે શહેરના જુદાજુદા વિસ્તારોમાં એક પછી એક ૭થી વધુ ઝાડ પડવાની બનાવો બન્યા હતા. જેમાં ઘોડદોડ રોડ કોટક મહેન્દ્ર બેન્ક પાસે પાર્ક કરેલી ફોર વ્હીલ ઝાડ પડ્યુંહતું, આ સાથે પાલ, આર.ટી.ઓ પાસે, મેટા વરાછામાં યમુના ચોક,

અનુસંધાન પાના ૫ પર

# હાયરે SMC હાય હાયના નારા લાગ્યા

**વહીવટી** તંત્ર ભ્રષ્ટ હોવાનો વેપારીઓનો આક્ષેપ

**બે** ઈંચ વરસાદમાં પાણી ભરાતું હોય તો સ્માર્ટ સિટી કેવી રીતે કહી શકાય

સુરતઃ માત્ર બે ઈંચ જેટલા સામાન્ય વરસાદમાં જ શહેરના વીઆઈપી રોડ સહિતના પોશ વિસ્તારો અને અન્ય ઝોન પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. કરોડો રૂપિયાના ખર્ચે થતી ચોમાસા પુર્વેની તૈયારીઓના દાવાઓ ધોવાઈ જતાં જનતાનો આક્રોશ ફાટી નીકળ્યો છે. સૌથી વધુ કફોડી સ્થિતિ વેસુના વીઆઈપી રોડ પર સંગિની ઈવોક બિલ્ડિંગ પાસે જોવા મળી હતી, જ્યાં વારંવાર પાણી ભરાવાની સમસ્યા અને ચોકઅપ ગટરોથી કંટાળેલા સ્થાનિક રહીશો તથા વાહનચાલકો રસ્તા પર ભરાયેલા વરસાદી પાણીમાં જ બેસીને વિરોધ કરવા લાગ્યા હતા. લોકોએ સુરત મનપા તંત્ર વિરુદ્ધ ‘‘હાય રે એસએમસી હાય હાય’’ અને ‘‘ભ્રષ્ટ વહીવટ બંધ કરો’’ ના નારા લગાવ્યા હતા. સ્થાનિકોનો આક્ષેપ છે કે કરોડો રૂપિયાનો ટેક્સ વસૂલતી સુરત મહાનગરપાલિકા સામાન્ય વરસાદમાં પણ પાણીના નિકાલની યોગ્ય સુવિધા આપી શકતી નથી, તો આને સ્માર્ટ સિટી કેવી રીતે કહી શકાય?

અનુસંધાન પાના ૫ પર

## ઉધના ગરનાળામાં ઘૂંટણસમા પાણી ભરાયા



ગરનાળામાં પાણીનો ફોટો એટેચ છે, ઉધના નવસારી રોડ પાણી ભરાયેલા ફોટો જાદવભાઈ''' સુરતઃ શહેરમાં રવિવારે વહેલી સવારથી જ અચાનક પલટો આવ્યો હતો અને સવારે 5 વાગ્યાથી મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. માત્ર થોડા જ સમયમાં ધોધમાર બે ઈંચથી વધુ વરસાદ ખાબકી જતાં સમગ્ર શહેર પાણી-પાણી થઈ ગયું હતું. ખાસ કરીને ઉધના રેલવે સ્ટેશન નજીક આવેલું ગરનાળું પાણીમાં ગરકાવ થઈ

અનુસંધાન પાના ૫ પર

### સુરતમાં ચાર કલાકના ધોધમાર વરસાદથી જનજીવનને અસર

## 24 કલાકમાં સુરતમાં સાડા ત્રણ ઇંચ વરસાદ

**હવામાન** વિભાગની અઠવાડિયું હળવાથી મધ્યમ વરસાદની આગાહી

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં રવિવારે વહેલી સવારે પડેલા ધોધમાર વરસાદે જનજીવનને અસર પહોંચાડી હતી. ખાસ કરીને સવારે 6 વાગ્યાથી 10 વાગ્યા દરમિયાન શહેરમાં ભારે વરસાદ વરસતા અનેક મુખ્ય માર્ગો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. માત્ર ચાર કલાકના વરસાદે જ શહેરની ડ્રેનેજ વ્યવસ્થા અને વરસાદી પાણીના નિકાલ અંગે તંત્રની તૈયારીઓ પર ફરી સવાલો ઊભા કર્યા હતા. વિતેલા 24 કલાક દરમિયાન સુરત શહેરમાં કુલ અંદાજે સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પણ 10 મીમીથી લઈને બે ઈંચ સુધી વરસાદ વરસ્યો હતો. સતત વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું હતું.

અનુસંધાન પાના ૫ પર

### જિલ્લાના તાલુકાવાર વરસાદ (છેલ્લા 24 કલાકમાં)

| તાલુકો | વરસાદ (ઈંચ) |
|---|---|
| સુરત | 3.24 |
| પલસાણા | 1.64 |
| અંબિકા | 1.44 |
| ઉમરપાડા | 1.28 |
| બારડોલી | 1.12 |
| માંગરોળ | 1 |
| મહુવા | 1 |

### બમરોલીમાં ત્રણ ઇંચ વરસાદમાં ખાડી છલકાઈ, લક્ષ્મી હોમ્સ સોસાયટી બેટમાં ફેરવાતા 11 લોકોનું રેસ્ક્યુ

સુરતઃ વરસાદને કારણે બમરોલી રોડ વિસ્તારની ખાડીમાં પાણીની સપાટી વધતા આસપાસના રહેણાંક વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળ્યાં હતાં. તેના કારણે ખાડી કિનારે

અનુસંધાન પાના ૫ પર

### આ લોકો ફસાઇ ગયા હતા

પંકજભાઈ જરીવાલા (ઉ. 49)
પ્રમોદકુમાર યાદવ ( ઉ. 34)
અમર પાંડે (ઉ. 35)
વિક્રમ સોલંકી (ઉ. 30)
પ્રભાસ ચંદ્રા (ઉ. 46)
ભારતીબેન લક્ષ્મણ ઉત્તેકર (ઉ. ઉ. 41)
વિહાન ઉત્તેકર (ઉ. 6)
ભાવનાબેન અજયભાઈ ચેવલી (ઉ. 52),
અજયભાઈ પ્રાણલાલ ચેવલી (ઉ. 54)
ગીતિકા તનેજા (ઉ. 23)

## ઉધનામાં 4.28 ઈંચ અને અઠવામાં 3.84 ઈંચ વરસાદ ઝીંકાયો

**રવિવારે** આખો દિવસ વરસાદી માહોલથી સુરતીઓ ઘરમાં જ પુરાયા

સુરત : શનિવારની મોડી રાત્રેથી શરૂ થયેલી મેઘમહેર રવિવારે પણ યથાવત રહી હતી. આખો દિવસ ઘટાટોપ વાદળછાયું વાતાવરણ અને સમયાંતરે પડતા હળવાથી મધ્યમ વરસાદને કારણે સુરતીઓ માટે રવિવારની રજા ઘરની અંદર જ પસાર કરવાની ફરજ પડી હતી. સામાન્ય રીતે રવિવારે બગીચા, ડુમસ, મોલ અને જાહેર સ્થળોએ જોવા મળતી ભીડ આ વખતે વરસાદના કારણે ઓછી જોવા મળી હતી. શહેરના અનેક વિસ્તારોમાં રસ્તાઓ ભીના રહ્યા અને વાહનચાલકોએ સાવચેતીપૂર્વક વાહન હંકાર્યા હતા. વરસાદ નોંધાયો હતો. રવિવારે દિવસભર વરસાદી

અનુસંધાન પાના ૫ પર

### શનિવારે 6થી રવિવારે 6 સુધીનો વરસાદ

| | |
|---|---|
| ઉધના ઝોન | 4.28 ઈંચ |
| અઠવામાં | 3.84 ઈંચ |
| સેન્ટ્રલમાં | 2.96 ઈંચ |
| લિંબાયતમાં | 2.88 ઈંચ |
| વરાછા-એ | 2.00 ઈંચ |
| કતારગામ | 1.36 ઈંચ |
| વરાછા-બી | 1.36 ઈંચ |
| રાંદેર | 1.32 ઈંચ |

### રવિવારે સવારે 6 વાગ્યાથી રાત્રે 8 વાગ્યા સુધીના વરસાદ

| | |
|---|---|
| ઉધના | 2.28 ઈંચ |
| અઠવા | 1.68 ઈંચ |
| સેન્ટ્રલ | 1.36 ઈંચ |
| લિંબાયત | 1.12 ઈંચ |
| વરાછા-એ | 1.12 ઈંચ |
| વરાછા-બી | 0.88 ઈંચ |
| કતારગામ | 0.76 ઈંચ |
| રાંદેર | 0.68 ઈંચ |

## ચોમાસામાં ઉકાઈડેમની જળસપાટી વધવાને બદલે ઘટી

**14** જુલાઈએ 313.62 ફૂટ સુધી પહોંચેલી સપાટી ઘટીને 313.12 ફૂટ પર આવી ગઇ

સુરતઃ ઉકાઈ ડેમના ઉપરવાસ વિસ્તારમાં આ વર્ષે વરસાદની ગતિ ધીમી પડતાં તેની સીધી અસર ડેમની જળસપાટી પર જોવા મળી રહી છે. ચોમાસાની શરૂઆતમાં પડેલા સારા વરસાદના કારણે ડેમની સપાટીમાં આશરે પાંચ ફૂટનો વધારો નોંધાયો હતો અને પાણીની આવક પણ સતત વધી રહી હતી. જોકે છેલ્લા કેટલાક દિવસોથી ઉપરવાસમાં વરસાદ લગભગ બંધ થઈ જતા ડેમમાં આવતું પાણી ઘટી ગયું છે.

### ડેમ હજુ રૂલ લેવલથી આશરે 8 ફૂટ નીચે

ઉકાઈ ડેમનું હાલનું રૂલ લેવલ 321 ફૂટ છે. હાલની સ્થિતિ મુજબ ડેમની સપાટી હજુ પણ રૂલ લેવલથી આશરે 8 ફૂટ નીચે છે. જો આગામી દિવસોમાં ઉપરવાસમાં સારો વરસાદ નહીં પડે તો ડેમની જળસપાટી વધવાની ગતિ ધીમી રહી શકે છે. બીજી તરફ, ખેડૂતો અને સિંચાઈ વ્યવસ્થા માટે પણ વરસાદની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

પરિણામે ભર ચોમાસાના સમયમાં પણ ડેમની સપાટી વધવાને બદલે ઘટવા લાગી છે.

અનુસંધાન પાના ૫ પર

## ડભોલીમાં પતિનો ફાંસો, પત્નીની પણ લાશ મળી

**એક** વર્ષ પહેલાં પ્રેમલગ્ન કર્યા હતા; પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે

સુરતઃ મૂળ ભાવનગર જિલ્લાના મહુવાના વતની 23 વર્ષીય અભય ગિરીશભાઈ કાતરિયા હાલ કતારગામના ડભોલી ચાર રસ્તા નજીક કિસ્મત કોલોનીમાં પરિવાર સાથે રહેતો હતો અને લિફ્ટ રિપેરિંગનું કામ કરતો હતો. અભયે એક વર્ષ પહેલાં 19 વર્ષીય દિશા આહુજા સાથે પ્રેમલગ્ન કર્યા હતા.

રવિવારે બપોરે અભય પોતાના ઘરમાં પંખા સાથે કપડું બાંધી ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. પરિવારજનોની નજર પડતાં તેને નીચે ઉતારી તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ઘટનાસ્થળે પહોંચેલા 108ના તબીબી સ્ટાફે અભયને મૃત જાહેર કર્યો હતો. બીજી તરફ, તેની પત્ની દિશા ઘરના રૂમમાં મૃત હાલતમાં મળી આવી હતી. ઘટનાની જાણ થતાં કતારગામ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા.

પ્રાથમિક તપાસ દરમિયાન દિશાના શરીર પર કોઈ દેખીતી ઇજાનાં નિશાન મળી આવ્યાં નથી. ઘટનાને લઈને અનેક ચર્ચાઓ

અનુસંધાન પાના ૫ પર






**આજે તાપીની સાલગીરી 1968ની રેલમાં ભાટપોર તાપીમાં સમાઇ ગયુ હતું**

## ભાટપોરના દરેક મકાન એક સરખા 99 ફૂટ લાંબા છે

**તે** સમયના તાલુકા પંચાતના પ્રમુખ બલ્લુભાઇ દેસાઇએ ગામનો નકશો બનાવ્યો હતો

**ભાટપોર** દેશનું પહેલું એવું ગામ છે જ્યાં દરેક મકાનની સાઇઝ એક સરખી





સુરત : સામાન્ય રીતે કોઇ ગામ, નગર કે મહાનગર હોય ત્યાંના મકાનો કે એપાર્ટમેન્ટ અલગ અલગ લંબાઇ પહોળાઇના જોવા મળે છે. પરંતુ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાનું ભાઠાગામ બીલકુલ અલગ છે. કારણ કે, ભાઠા નજીકના આ ગામમાં દરેક મકાનની લંબાઇ અને પહોળાઇ એક સરખી છે. અહીંના મકાનો 99 ફૂટ લાંબા અને 16.5 ફૂટ પહોળા છે. આ ગામની એક સરખી ડિઝાઇન માટે તાપી નદી જવાબદાર

અનુસંધાન પાના ૫ પર

### તાપીના પૂરની કેટલીક ઐતિહાસિક તવારિખ

- 1876 (29 ઓગસ્ટ-5 સપ્ટેમ્બર): મોટું પૂર.
- 1882 (12 સપ્ટેમ્બર): ભારે પૂર.
- 1883 (31 જુલાઈ): ઐતિહાસિક પૂર.
- 1884 (9 સપ્ટેમ્બર): મોટું પૂર.
- 1894 (જુલાઈ-સપ્ટેમ્બર): ભારે પૂર.
- 1942થી 1960 દરમિયાન: અનેક ચોમાસાઓમાં વારંવાર પૂરની સ્થિતિ સર્જાઈ.
- 7 ઓગસ્ટ, 1968: ઉકાઈ ડેમના નિર્માણ પહેલાં આવેલા સૌથી વિનાશક પૂરોમાંનું એક, જ્યારે તાપી નદી ભયંકર રીતે છલકાઈ હતી.
- 1970: આશરે 13.14 લાખ ક્યુસેક પ્રવાહ સાથે મોટું પૂર નોંધાયું.
- 1979, 1990, 1994 અને 1998: ચોમાસામાં ફરી ભારે પૂર આવ્યા.
- 2006 (7-10 ઓગસ્ટ): સુરતના ઇતિહાસનું સૌથી વિનાશક અને યાદગાર પૂર.

### ૧૯મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



એક ચહેરો જે દ્રષ્ટિમાંથી ક્યારેય ભુલાશે નહીં, એક વ્યક્તિત્વ જે ક્યારેય વિસરાશે નહીં, એક હુંફ જે ક્યારેય મળશે નહીં, જેમનું નામ સતત હૃદયમાં ગુંજ્યા ફૂલ બનીને મહેક્યા કરે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થનાં...

સ્વ. નલિનીબેન જયવદનભાઈ ગોળવાલા
સ્વ. તા. ૨૦-૦૭-૨૦૦૭

લિ.
જયવદન હીરાલાલ ગોળવાલા
હિતેષ જયવદન ગોળવાલા | રિવંકલ હિતેષ ગોળવાલા
મયૂર જયવદન ગોળવાલા | ભાવિની મયૂર ગોળવાલા
મનીષ કાંતિલાલ ગાંધી (જમાઈ) | મનીષા મનીષ ગાંધી (દિકરી)
તનીષ હિતેષ ગોળવાલા | આર્ચ મયૂર ગોળવાલા
કવ્વી રુદ્ર જરીવાળા | પ્રીત મનીષ ગાંધી


**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**


| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


### ટેલીફોનીક બેસણું



અક્ષરવાસી
ગોરધનભાઈ છગનભાઈ ગોટી
(ઉ.વર્ષ ૭૦)
ગામ : નીગાળા
સ્વ.તા. ૧૮/૦૭/૨૦૨૬,
અષાઢ સુદ ૫, શનિવાર

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પૂજ્ય પિતાશ્રી/ભાઈશ્રી ગોરધનભાઈ છગનભાઈ ગોટી તા.૧૮/૦૭/૨૦૨૬ના રોજ અક્ષરવાસ પામ્યા છે, પરમ કૃપાળુ ભગવાન શ્રીસ્વામિનારાયણ સદ્દગતના આત્માને અક્ષર ધામનું સુખ અર્પે એજ પ્રાર્થના.

**: ટેલીફોનીક બેસણું :**
તા.૨૦/૦૭/૨૦૨૬, સોમવારે બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦ કલાક દરમિયાન ટેલીફોનીક બેસણું રાખેલ છે.

લી.
ગોવિંદભાઈ છગનભાઈ ગોટી
સ્વ. પરશોત્તમભાઈ છગનભાઈ ગોટી | સ્વ. વલ્લભભાઈ છગનભાઈ ગોટી
હિતેશ ગોરધનભાઈ ગોટી- ૯૯૨૫૫ ૩૩૨૨૦
અશોક ગોવિંદભાઈ ગોટી- ૯૮૨૫૧ ૫૧૮૬૧ | ઘનશ્યામ પરશોત્તમભાઈ ગોટી
ઉમેશ પરશોત્તમભાઈ ગોટી- ૯૮૨૫૧ ૩૫૬૫૭ | ધર્મેશ વલ્લભભાઈ ગોટી
મનિષ ગોવિંદભાઈ ગોટી- ૯૮૨૫૩ ૮૭૮૮૮ | યક્ષ હિતેશભાઈ ગોટી
નિલેશભાઈ તુલસીભાઈ જસાણી - ૯૭૨૩૨ ૯૫૦૦૦ (ભાણેજ)
શ્વસુર પક્ષ (ગામ : કેરિયા-૧)
દિયાળભાઈ વાલજીભાઇ ઈટાલીયા- ૯૮૨૪૮ ૬૦૨૧૯
બાબુભાઈ વાલજીભાઇ ઈટાલીયા- ૯૯૨૪૩ ૪૦૦૨૧
સમસ્ત ગોટી પરીવાર નાં જય સ્વામિનારાયણ